Shine Yourself in Someone's Eyes

# अप्प दीपो भवः

**અસામાન્ય પરિસ્થિતીમાં પણ જનતાની પડખે ઉભા રહેવાના સંસ્કાર એટલે...**

**ભા.જ.પા. ના કાર્યકર્તા**

– નિરવ શાહ



# अप्प दीपो भवः

*APPO DEEPO BHAVA*

અપ્પ દીપો ભવઃ

*Creator, Writer & A Copyright by...*

*lekhanyatra.com*

Yagnik Ishverbhai Kanzariya

Dr. Trupti Jatinkumar Upadhyay

*8200645798*

*E-mail : lekhanyatra9@gmail.com*

**પ્રથમ આવૃત્તિ : નવેમ્બર ૨૦૨૦**

આવરણ અને મુખ્યપૃષ્ઠ :

ઓમ ઓફસેટ

98259 83815

omoffset4u@gmail.com

All rights reserved. No part of this publication may be reproduced, stored in or introduced into a retrieval system, or transmitted, in any form, or by any means (electrical, mechanical, photocopying, recording or otherwise) without the prior written permission of the publisher. Any person who does any unauthorized act in relation to this publication may be liable to criminal prosecution and civil claims for damages.



## સર્જન સમીક્ષા

કોઈપણ પુસ્તકની રચના કે સર્જન એક પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રેરણાની ફળશ્રુતિ હોય છે. આ પુસ્તકની રચના માટે પ્રેરકબળ છે કોરોના મહામારી સમયે થયેલા સેવાકીય કાર્યો. કોરોના વોરિયર્સ તો પોતાનું કર્મ ખૂબ નિષ્ઠાથી ભજવી રહ્યાં હતાં. પરંતુ કેટલાક વોરિયર એવા હતા જેમણે વ્યકિતગત જવાબદારી સ્વીકારી. માત્ર ફરજ પાલન નહીં, પરંતુ સમાજમાં કોઈપણ જાતના ભેદભાવ વિના ખુલ્લા મનથી બસ નિઃસ્વાર્થ સેવા કરી. મહામારીના આ સમયમાં સુરત શહેરના ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઈ શાહનો સંપર્ક થયો. ટિમ લેખનયાત્રા એક ઉચ્ચ પદાધિકારીના માર્ગદર્શન અને શુભેચ્છા માટે શ્રી નિરવભાઈ શાહને મળવા પહોંચી પરંતુ ત્યાં એક અલગ વ્યકિતત્વના સંપર્કમાં આવ્યા. શહેર ના નાગરિકોની જવાબદારી સાથે સમાજ સાથે જોડાયેલ હોય સામાજિક જવાબદારી પણ તેઓ ખૂબ કુનેહપૂર્વક નિભાવી રહ્યા છે એ જાણી એક પ્રેરણા મળી.

નવીનતમ વિચારધારા, સ્વભાવ ની ગંભીરતા અને આગવી સંચાલન સૂઝ, આત્મવિશ્વાસથી ભરપૂર વ્યકિતત્વ અને એમાં કલામાં રુચિ-એક બહુમુખી પ્રતિભા એટલે શ્રી નિરવભાઈ શાહ. તેઓ દ્વારા મહામારી સમયે થયેલ સમાજસેવા અને માનવતા ભર્યા કાર્યને પુસ્તક સ્વરૂપ આપી આપ સુજ્ઞ વાંચકો સમક્ષ મૂકવાનો આ પ્રયાસ છે. આ પુસ્તક જેમાં સુરત શહેરના ડેપ્યુટી મેયરશ્રી ના સેવાકીય કાર્યો ની શબ્દ અને છબી રૂપે ઝાંખી પ્રસ્તુત છે. એક વાત ચોકકસ સ્વીકારવી રહી કે ભવિષ્યમાં જયારે કોઈ મહામારી અને એ સમયે થયેલ નિઃસ્વાર્થ સેવા કે સમાજસેવક ને યાદ કરાશે ત્યારે સુરત શહેર માં થયેલ સેવાકીય કાર્યો મોખરે હશે અને એમાં પણ પદાધિકારી ની ફરજ સાથે કોરોના વોરિયર સાબિત થયેલ નિઃસ્વાર્થ સેવાભાવી, જીવદયા પ્રેમી અને માનવતાની મહેક પ્રસરાવનાર સુરત શહેરના ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઈ શાહ માટે ગૌરવની લાગણી અચૂક થશે.

લોકડાઉન સમયમાં સતત શહેર અને સમાજની જરૂરિયાતની ચિંતા સાથે ગ્રોસરી કીટ વિતરણ, દવાનું વિતરણ, માસ્ક, સેનેટાઈઝર અને ફેટ્સશીલ્ડનું વિતરણ કે પછી ભૂખ્યા ને જ નહિ પરંતુ મૂક પશુ-પક્ષીની ભૂખનું પણ ધ્યાન રાખ્યું હોય એવા વ્યકિતવિશેષ અને પ્રેરણાપુંજ એવા સુરત શહેર ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઈ શાહ સ્પષ્ટ મને છે. "જીવન માત્ર જીવી ગયા એ મહત્વનું નથી, પરંતુ કેવું જીવ્યા એ મહત્વ નું છે. માત્ર કોઈના વૉટ્સઅપ સ્ટેટ્સ બનવા કરતા કોઈના મનમાં સદા જીવિત રહેવું મહત્વનું છે. કોઈપણ કાર્ય નામની આશાએ નહિ કરતા સાચા હૃદયથી અને નિસ્વાર્થ મન થી કરવું જરૂરી છે. જીવન એક વાર મળ્યું છે આપણા માટે જ જીવીશું તો ખુબ લાબું લાગશે. બીજા માટે સમાજ માટે, રાષ્ટ્ર માટે જીવવાની મજા છે એ જીવન લાબું નહિ મોટું લાગશે."

अप्प दीपो भवः

## ...લેખક પરિચય...

લેખનયાત્રા.કોમ સાથે સંકળાયેલ નામ ‘અનુનાદ’ એટલે યાજ્ઞિક કણઝરિયા. ભૌતિક વિજ્ઞાનનું કલાત્મક રસપાન વિદ્યાર્થીઓને વર્ગમાં મળે અને એ જ વર્ગમાંથી કેટલીક વાર્તા મન થી મન સુધીની યાત્રા કરી કલમમાંથી શબ્દસરિતા બની વહે. B.E. મીકેનીકલ એન્જિનિયરીંગની પદવી અને ૯ વર્ષના વ્યવસાયિક અનુભવ સાથે ઉદ્‌ઘોષક તરીકે રંગમંચન કરી વર્કશોપ મોટીવેશનલ સેમીનાર સાથે એક નવી ઓળખ કારકિર્દીને આપી. વાંચન-લેખનનો શોખ માત્ર શોખ પુરતો મર્યાદિત નહિ રહેતા વાક્ય, પંક્તિ, કાવ્યનાં નાના ઝરણાં અંતે ‘છીપે સંતાડયો સાગર’ પુસ્તક સર્જનની પગથી બન્યો.

ડૉ. તુપ્તી ઉપાધ્યાય (તૃષા) M.A.M.E.D. ઉપરાંત DOCTORATE IN MANAGEMENT OF STUDY ની ઉપાધી સાથે અને શિક્ષણક્ષેત્રમાં શિક્ષક અને ત્યારબાદ આચાર્યા તરીકે ૨૨ વર્ષથી કાર્યરત રહેવા સાથે સાહિત્ય અને વાંચન-લેખનમાં રૂચી હોય નાટક, કવિતા, ગીત કલમમાંથી શાહી બની કોરા કાગળ પર સર્જાયા. નાટયલેખન અને દિગ્દર્શનમાં અનેક પારિતોષિક સાથે રાષ્ટ્રકક્ષા સુધી જઈ શહેર રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું ઉપરાંત કલાનો જીવ હોય સંગીત, ઉદ્‌ઘોષણા અને મંચ સંચાલન ઉપરાંત EDUCATION SPARK અખબારમાં બાળ-ઉછેર અને કેળવણી અંતર્ગત વિચારધાર શબ્દ બની વહી.

બંન્ને લેખકો દ્વારા કોરોનાકાળમાં લોકડાઉન દરમિયાન લેખનયાત્રા.કોમ સર્જીત ૧૮,૦૦૦ શબ્દોમાં હસ્તલિખિત મહાગ્રંથ A TRIBUTE TO UNSEEN CORONA WARRIORS ને 'Gujarat Book of Record' માં સ્થાન મેળવ્યું.


લેખનYatra.com
Creative journey with words

82006 45798, 97243 48902, 99090 40239
lekhanyatra.com
lekhanyatra9@gmail.com
lekhanyatra
lekhanyatra9








## ...સુચિકા...


૧. સંપ્રતિ ગ્રોસરી કીટ વિતરણ

૨. સંપ્રતિ જીવમૈત્રી સેવાયજ્ઞ

૩. સંપ્રતિ અન્નક્ષેત્ર

૪. ધાર્મિક સ્થાનો માટે સેનેટાઈઝિંગ વાહનની સુવિધા

૫. મત વિસ્તારની તમામ સોસાયટી માટે સેનેટાઈઝિંગ વાહનની સુવિધા

૬. હોમીયોપેથીક દવાનું વિતરણ

૭. સંપ્રતિ રક્તદાન સેવા સપ્તાહ

૮. હું પણ કોરોના વોરિયર અભિયાન

૯. સંપ્રતિ આઈસોલેશન સેન્ટર

૧૦. માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં જન્મદિનની અનોખી ઉજવણી–વૃક્ષારોપણ

૧૧. ગુજરાતનાં સૌ પ્રથમ હસ્તલિખિત મહાગ્રંથના માર્ગદર્શક

मैं...
मैं उम्मीद के फलक को देखता, सूरज की आगको आँखों में समाता ।
मुझे चलना है, जलना है, मुझे जितना है ।

मुझे प्रयास नहीं मंजलिकी बस कारवाँ की चाहमे मैं...
मुझे बसना है किसीके आंसुमे, मुझे चहकना है खामोश आँखो में,
सडक के किनारे रोते, बचपनकी उस खामोसी में चुपके से खिलखिलिता मैं ।
एक बंध कमरे की पुरानी टूटी हुई खिडकीसे जांकते बेबस खाब्वमें,
पुराने सामान की बंजर सी तसवीर मे रंग खुशियोके भरता मैं ।

मुझे रहना है, मुझे जीना है मुजमे, तुममे, सबमे...
में दुगा तुम्हे वो आसमां फिर उडना पंख लगाके ।
मैं कल था, मैं आज हु, चाहो तो जिउगा आनेवाले कलमे,

तुजे प्यास है प्यार की मुझे भूख हे दुलार की,
न अब कोई दीवार हे बस खुशबु हे मजार की ।

हर हाथ से आये खुशबु इंसानियत की वो होंसला बनना है ।
मैं कुछ भी नहीं, मुझे बस हम बनना है ।
जब खोजता फिरु खुदको तो आपमें पाना है,
हाँ कही मिल जाऊ तुम्हे तो बताना अबी भी वही हूँ मैं ?
शायद मैं खुदमें नहीं फिर भी...
शायद मैं कही नहीं फिर भी...
शायद मैं हर जर्रे में हु फिर भी...
शायद एक सवाल सा मैं ? ...मैं? ...बस मैं ।




G-2, Siddhachal Resi.,
Opp. Jay Ambe Mandir,
Nr. Makkai Pul, Adajan, Surat.
0261-2787000
contact@niravshah.in
niravsurat9@gmail.com
@niravshahbjp
@niravshahbjp
@niravshahbjp

**નિરવ શાહ**
ડે. મેયર, સુરત શહેર




## ઋણ સ્વીકાર...

લેખનયાત્રાના મિત્રો સાથે થયેલ મુલાકાતમાં સુરત શહેર ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઈ શાહ એ તેઓ દ્વારા થયેલ માનવતાના કાર્યો માટે ઘણાં લોકો માટે આભાર વ્યકત કર્યો જે અમારી કલમ અહીં પ્રસ્તુત કરી રહી છે.

હું સૌ પ્રથમ આભાર માનું છું પ્રેરણા સ્ત્રોત અને મને સંપૂર્ણ સકારાત્મક વિચારધારાની ચેતના આપનાર પરમ કૃપાળુ પરમાત્માનો. લોકડાઉન સમયમાં ઘરમાં રહેવું જ પ્રાધાન્ય હતું ત્યારે મારા સામાજીક કાર્ય અને ફરજ બન્નેની જવાબદારી લેવા હું સક્ષમ બન્યો કારણકે મારો પરિવાર મારી તાકાત અને આત્મબળ બની મારી સાથે હતો. પરિવારના કોઈ સભ્યને સંક્રમણ નહિ થાય એ પણ જોવાનું હતું અને સાથે કર્મ અને માનવ ધર્મ બંને હતા. મારી ધર્મપત્નિને કોરોના સંક્રમણ થયું અને હોસ્પિટલમાં એડમીટ કર્યા હતા. આ સમય કપરો હતો છતા મારા પરિવારે મને મારા કર્મથી વિમુખ નથી થવા દીધો તેથી જ હું હૃદયથી આભારી છું મારા પરિવારનો.

કોઈપણ કાર્ય એક વ્યકિત કયારેય નહિ કરી શકે હા એક વિચાર ચોકકસ આવે પરંતુ એ વિચારને વાસ્તવિક બનાવવા સહકાર અને સંપ અત્યંત આવશ્યક છે. મારી ટીમ ના દરેક સભ્યો જેઓએ મને ખડેપગે આ સેવાકીય કાર્યમાં સહકાર આપ્યો. જેમનો હું ઋણી છું. આ સાથે મારા પોતાના એવા સંપ્રતિ ગ્રુપના મારા મિત્રો, જૈન શ્વે.મૂ.પૂ.યુવક મહાસંઘ અને શ્રી જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO) જેઓએ લોકડાઉન દરમિયાન કોઈપણ સ્વાર્થ વિના માનવતાના આ મહાયજ્ઞ માં મને સાથ અને સહકાર આપ્યો જેમનો જેટલો આભાર માનું એટલો ઓછો રહેશે.

જૈન સમાજના શ્રેષ્ઠીઓનો હું હૃદયથી આભાર માનું છું. જેઓએ આવી કટોકટી અને મહામારીના સમયમાં પોતાનો યોગદાન આપી સમાજ અને જરૂરીયાતમંદ લોકોની સેવા કરી.

હું આભારી છું તમામ રાજકીય આગેવાનો અને ભા.જ.પા. કાર્યકતાઓનો જેઓએ પોતાના માર્ગદર્શન અને પીઠબળથકી જ્યાં જરૂર હોય ત્યાં મારી સાથે રહી અમારી ટીમને પ્રોત્સાહિત કરી.

હું ખુબ આભારી છું મ્યુ. કમિશનર, પોલિસ કમિશનર, કલેકટરશ્રી અને તેના અધિકારીગણ અને કર્મચારીગણનો જેઓએ જ્યાં પણ આવશ્યકતા હતી ત્યાં કાર્યને વધુ સરળ કરવા સહકાર આપ્યો.

આભારી છું હું દરેક પત્રકારમિત્રો અને ચેનલના મિત્રોનો જેઓએ સાચી અને સચોટ માહિતી જનતા સુધી પહોંચાડી અમારા કાર્યમાં સહાયક બન્યા.

અંતે નિઃસ્વાર્થ સેવાના આ મહાયજ્ઞમાં પ્રત્યક્ષ અને પરોક્ષ તમામ વ્યક્તિઓ કે જેના સાથ અને સહકાર થકી માનવતાની મહેક પ્રસરાવી શક્યો તે સૌ નો હું સહૃદય આભારી છું.

## ૧. સંપ્રતિ ગ્રોસરી કીટ



ભારતીય પરંપરા સમજીએ તો જયારે કોઈ યજ્ઞ થાય ત્યારે જો પાકું ભોજન શક્ય નહીં હોય તો અનાજ અને શાકભાજીનું દાન કરીને પૂણ્ય કાર્ય પરિપૂર્ણ કરીએ છીએ.

કોરોના મહામારી સમયમાં એક તરફ જયાં મુક પશુ ની ભૂખ સંતોષાય છે તો ભૂખ્યાં લોકોને ભોજન કરાવાય છે. ત્યાં એક તરફ એક વર્ગ એવો પણ હતો જેઓને જીવનજરૂરિયાતની વસ્તુ પણ મળતી અશકય હતી. આ સમયે માત્ર પાકું ભોજન જમાડી ભૂખ સંતોષવા સાથે એક માસ ચાલી શકે એ  મુજબ **સંપ્રતિ ગ્રોસરી કીટ** નું વિતરણ કરી કેટલાય ઘરનાં ઠંડા ચૂલ ફરી તપતા કર્યા.







કહેવાય છે કે વ્યકિત પોતાના કર્મથી અને આદર્શથી જ મહાન બને છે. કર્મ એવા થાય કે નામ થાય અને નામ એવું થાય કે જેના પર સન્માન થાય. અપેક્ષા વિના સેવા  કરનાર વ્યકિતની વિચારધારા પણ સાવ અનોખી હોય. એ સાબિત થયું જ્યારે શ્રી નિરવભાઈ શાહે પોતાના શહેરને જ પોતાનો પહેલો પરિવાર સમજી વૈશ્વિક મહામારીના સમયે વિશ્વશાંતિ અને સ્વાસ્થ્ય અર્થે પ્રભુ મહાવીર સ્વામી જન્મકલ્યાણ દિને ગોળ દ્વારા મ્હોં મીઠું કરાવી લોકડાઉન સમયમાં **૩૦૦૦ થી વધુ કોરોના વોરિયર્સ અને જરૂરિયાતમંદ લોકોને જીવન જરૂરિયાતની સામગ્રી સાથે ‘સંપ્રતિ ગ્રોસરી કીટ’ નું વિતરણ કરવામાં આવ્યું. સફાઈકર્મીઓ, બેલદારો, ફાયર જવાનો, ટી.આર.બી.ના જવાનો તથા જરૂરિયાતમંદ વિસ્તારોમાં** આ કીટનું વિતરણ કરાયું.

**It is said that God cannot reach everywhere and at the time of the epidemic when the temples and shrines were closed, Shri Niravbhai Shah was distributing the true prasadi with his two hands of humanity and compassion.**





૧૧૫૦ સફાઈ કામદારો,

૩૫૦ બેલદારો,

૩૨૦ ફાયર જવાનો,

૭૧૦ થી વધુ ટી.આર.બી. જવાનો

તથા અન્ય જરુરિયાતમંદોને

૧ મહિનાથી વધુ ચાલે તેવી

**૩૦૦૦ ગ્રોસરી કિટ**નું વિતરણ...



પ્રભુ મહાવીર સ્વામીના જન્મદિનને લોકડાઉનના સમયમાં

**"સંપ્રતિ ગ્રોસરી કીટ"** ના વિતરણ થકી

> અન્ય માટે સમર્પિત કરી જીવવું એ જ સાર્થક જીવન છે.
>
> – નિરવ શાહ







**લોકડાઉનમાં સતત ૪૫ દિવસ સુધી...**

- હજારો ગાયોને તડબુચ, કાકડી અને દુધીનું ભોજન
- કુતરાઓને દુધ, લાડુ અને બિસ્કીટનું ભોજન
- પક્ષીઓને દાણાની ચણ

## ૨. સંપ્રતિ જીવમૈત્રી સેવાયજ્ઞ

'અહિંસા પરમો ધર્મ'ના આદર્શને રક્તવાહિનીમાં વહેતા રાખી જયારે કોરોનાના અદ્રશ્ય પ્રકોપ સામે કાળા માથાનો માનવી ઘુંટણિયે નમ્યો, પોતાના જ સામ્રાજયમાં કેદ થયો અને કયાંક ફૂટપાથ પર, તો કયાંક અંધારી ઝૂંપડીમાં ભૂખ આંસુ સારતી હતી, તો કયાંક મૂક-અબોલ જીવ માટે તો સંક્રમિત હવા અને આભાસી ઓડકાર જ એક વિકલ્પ હતો ત્યારે આ અબોલ પશુ-પક્ષીની ભાષાને સમજવા મૌન સંવાદ સર્જ્યું શ્રી નીરવભાઇ શાહ અને તેઓના યુવા કાર્યકતાઓએ.



કોરોના લોકડાઉનની પરિસ્થિતિમાં જ્યારે ભૂખ, દૂઃખ કે વ્યથા વ્યકત નથી કરી શકાતા, જે માંગી નથી શકાતા કે નથી કહી શકતા એવા અબોલ જીવ અર્થાત પશુ-પંખીઓનું શું ? સ્વના અસ્તિત્વ સામે જ જ્યારે પ્રશ્નાર્થ ચિન્હ હોય ત્યારે અબોલ જીવ માટે આવો વિચાર તો કોઇ જીવદયાપ્રેમી ને જ આવે. સાર્થક થયો આ વિચાર જયારે કોરોના વૈશ્વિક મહામારીના લોકડાઉનમાં સતત ૪૦ થી વધુ દિવસ સુધી ''સંપ્રતિ જીવમૈત્રી સેવાયજ્ઞ'' ના માધ્યમથી સુરતના અબોલ પશું-પંખીઓને શ્રી નીરવભાઇ શાહના માર્ગદર્શન હેઠળ શહેરભરમાં ફરી-ફરીને ભોજન અપાયું.

સમય જ્યારે સ્વાર્થ અને માત્ર પોતાના જીવને સાચવવાનો હતો, ત્યાં રસ્તાઓ પર એક અભૂતપૂર્વ સેવા યજ્ઞ શ્રી નિરવભાઇ શાહ તેમજ શ્રી જૈનશ્વે.મૂ.પૂ. યુવક મહાસંઘના પ્રમુખ શ્રી નિતીનભાઇ શાહ તથા સંસ્થાના તમામ કાર્યકતાએ કરી રહ્યાં હતાં. પ્રત્યેક જીવ પ્રત્યે દયા અને માનવીય વલણ રાખવું જ ખરેખર જીવનની સાર્થકતા છે. ખુબ માન સાથે કહેવું પડે સુરતની આ ભૂમિ એટલે જ ગૌરવવંતી છે કારણ અહીં અબોલ પશુની જરૂરિયાતને પણ પ્રથમ પ્રાધન્ય અપાય છે.





“ આપણી અંદરથી જીવદયા દાખવવાના ભાવને જીવંત રાખજો કારણ...આ એ જ ગુણ છે જે આપણને માણસ બનાવે છે. ”

- નિરવ શાહ






















३५,००० કીલો તડબુચ, ૧૫,૦૦૦ કીલો કાકડી,
૧૫,૦૦૦ કીલો દુધીનું, ૫૦૦૦ કીલો લાડુનું હજારો ગાયોને ભોજન...

''पशु कोई चीज नहीं है बल्कि जीवित जीव है, जो हमारी करुणा,
सम्मान, दोस्ती और समर्थन के योग्य है ।'' – निरव शाह

૩૫,૦૦૦ લીટર દૂધ, ૪૫,૦૦૦ મેરીગોલ્ડ બિસ્કીટના પેકેટો,
૫૦૦૦ કીલો પૌવાનું કુતરાઓને ભોજન...

૧૫,૦૦૦ કીલો જુવારની પક્ષીઓને ચણ...

## ૩. સંપ્રતિ અન્નક્ષેત્ર



"ભુખ્યાને ભોજન"- a tradition in almost every city or place of worship. One of the ways to do direct or indirect virtues is to feed the needy or hungry. This is a different kind of satisfaction. Why shouldn't a person be as good as he likes ! But if one is not able to satisfy hunger and thirst, his splendor is considered meaningless. Mr. Niravbhai Shah, being the Deputy Mayor of the city, has a service-minded, generous and humane personality.  He is constantly working for social service and humanity.

શહેરમાં એક વર્ગ એવો પણ હતો જે રોજ કામ કરે અને રોજ કમાય. આ લોકોને મહામારીના આરંભ સાથે જ બે ટંક ભોજનના ફાંફાં પડી ગયા. માન્ય કે, માનવતા અને સેવાભાવી સંસ્થાઓ સેવા કરવા ઉત્સુક હતા પરંતુ એક ઉચ્ચ પદાધિકારી જેમના પર આખા શહેરની જનતા ની જવાબદારી હતી તેઓએ કર્મ અને ધર્મ બંનેનો સ્વીકાર કરી ફરજ અને કર્તવ્યનું પાલન કર્યું. ઈશ્વર હંમેશા એક પ્રેરણા સ્ત્રોત રહ્યા હોય માણસમાં આવતા વિચાર અને એના થકી થતા કર્મ માટે નથી પોહચી શકતો પ્રભુ બધે એટલે જ કોઈ મસીહાને અવતરણ કરાવે છે.

ભૂખ્યાં અને જરૂરિયાતમંદ લોકો માટે શ્રી નિરવભાઈ શાહ એવા જ મસીહા બન્યા અને કેટલીય જઠરાગ્નિને તૃપ્ત કરી શકયાં. એમ પણ જે વ્યકિતએ માનવતાના કાર્યો કરવા છે અને કોઈપણ સ્વાર્થ વિના માત્ર સેવા કરવી છે તેઓ હંમેશા એવી તકની રાહ માં હોય છે જ્યાં કોઈ ને કોઈ રીતે સમાજની સેવા કરી શકાય. એટલે જ જયાં ભાવ માત્ર સેવાનો હોય ત્યાં હાથ આપમેળે જ મદદ માટે આગળ આવી જાય.

શ્રી નિરવભાઈ શાહની પ્રેરણા અને પૂર્ણેશભાઈ મોદીના માર્ગદર્શન સાથે અંદાજે ૪૮ દિવસ સુધીમાં સમગ્ર સુરત શહેર સેવાવસ્તી, EWS આવાસ, ઘર વિહોણા શ્રમિકો, વરિષ્ઠ નાગરિક તેમજ જરૂરિયાતમંદ એવા ૧૫,૦૦૦ થી વધુ પરિવારને "સંપ્રતિ અન્નક્ષેત્ર" દ્વારા દરરોજ શુદ્ધ, સાત્વિક અને પાકું ભોજન પીરસાયું. આ સેવાયક્ષ ના સાક્ષી રહ્યા રાજકીય મહાનુભાવો, શહેરના જૈન શ્રેષ્ઠીઓ તથા અધિકારીગણ. શ્રી નિરવભાઈ શાહે તેમના પરમ મિત્ર અશોકભાઈ મણીયારના સહયોગથી વ્યક્તિગત હાજરી આપી ત્યારે એક-એક કોળિયા પર એ લાચાર અને ભૂખ્યા ચહેરા પર આવતા સંતોષની સામે તેઓનો દિવસ-રાતનો થાક ઉતરી જતો હતો.

















"प्राप्त करने की
तुलना में देने में
अधिक खुशी है ।
- निरव शाह"



*If we always
helped one another,
no one would
need luck
- Nirav Shah*









૪૮
દિવસમાં
૫.૫૦ લાખ લોકોને
સાત્વિક ભોજન
પીરસાયું.












કોઇ પણ
દાન લીધા
વિના દરરોજ
૧૫,૦૦૦ લોકોને અપાયું
ભોજન અને ૫,૦૦૦ થી
વધુ લોકો માટે ફુડ પેકેટ
તૈયાર કરાયાં.



## ૪. ધાર્મિક સ્થાનો માટે સેનેટાઈઝિંગ વાહનની સુવિધા

ડેપ્યુટી મેયર શ્રી નિરવભાઈ શાહ એ કોરોના મહામારી દરમિયાન એક તરફ મુક અને અબોલ પશુઓ ની ભુખ સંતોષી તો બીજી તરફ ભૂખ્યાંને ભોજન, કયાંક જીવન જરૂરી સામગ્રીનું વિતરણ અને અનેક એવા માનવીય અને સેવાકીય કાર્યો કરી માનવતાની મહેક પ્રસરાવી છે.

કોરોના કાળમાં જયાં **'જનસેવા એજ પ્રભુસેવા'** સાર્થક થઈ રહી હતી ત્યાં આ મહામારીને નાથવા **'સ્વચ્છ ભારત–સ્વસ્થ ભારત'** ના મહામંત્ર સાથે માત્ર હાથ સેનેટાઈઝ કરવા પૂરતા નહીં હતાં પરતું ઘર, રસ્તા, જાહેર મિલકત કે જાહેરસ્થળ ઉપરાંત ધાર્મિકસ્થળ જેવા કે સમગ્ર સુરત શહેરના મંદિર, મસ્જિદ, દેરાસર, મઠ અને આશ્રમો ની સ્વચ્છતા અને સેનેટાઈઝ કરવું આવશ્યક હતું ત્યારે વિનામૂલ્યે સેનેટાઈઝીગ વાહનની સગવડ કરી એટલું જ નહું પરંતુ પોતે હાજર રહી આ સેવા કરી. વ્યકિત ધન, કદ અને પદ થી ઉચ્ચ સાબિત નથી થતો પરંતુ કર્મ અને વિચાર થી ઉંચાઈ મેળવે છે. ઈશ્વરે માણસ ને બનાવ્યા બાદ એને સાચવવાના બધા સ્ત્રોત એની સામે જ રાખ્યાં. અને માણસે પોતાની શ્રધ્ધાથી મંદિર, મસ્જિદ કે દેહરાસર અને ધાર્મિક ઈમારત માં એજ ઈશ્વર ની પ્રાણ પ્રતિષ્ઠા કરી. કોરોના મહામારીમાં ઈશ્વરના દેવાલય ને પણ સંક્રમિત થતા બચાવવા અને શુદ્ધિકરણ માટે જે કાર્ય શ્રી નિરવભાઈ શાહ દ્વારા થયું એ ખરેખર સન્માન ને પાત્ર છે.










"There is no road to success but through a clear strong will power."
- Nirav Shah

SENETIZATION









શહેરના તમામ ધાર્મિક સ્થળો જેવા કે મંદિરો, દહેરાસરો, ઉપાશ્રયો, મઠ, મસ્જિદ, સત્સંગ ભવનોને સેનેટાઈઝ કરાયા.



"जितना अधिक मैं दूसरो को सफल
होने में मदद करता हूँ उतना ही
मैं सफल होता हूँ।"

– निरव शाह

૫. મત વિસ્તારની તમામ સોસાયટી માટે સેનેટાઈઝિંગ વાહનની સુવિધા

# મતવિસ્તારની તમામ સોસાયટી તથા એપાર્ટમેન્ટમાં વિનામૂલ્યે સેનેટાઈઝિંગ વાહનની સુવિધા











## ૬. હોમિયોપેથીક દવાનું વિતરણ




અન્યને માટે જીવન સમર્પિત કરવું અને અન્યના હોઠ પર સ્મિત જોઈ આનંદ અને હાશકાર લેવો એજ સાચું જીવન. એમ પણ કેટલા વર્ષ જીવ્યા એ મહત્વનું નહિ પરંતુ કેવું જીવ્યા એ મહત્વનું છે.

આપણી ખુશી અને સુખમાં સહભાગી થનાર તો ઘણાં હશે જ, પરંતુ આપણી ખુશી શેમાં છે ? એ પણ આપણા વ્યકિતવનો એક ભાગ છે. શહેરના ડેપ્યુટી મેયરશ્રી નીરવભાઈ શાહનું વ્યકિત્વ એટલે જ વિશેષ બન્યું છે. તેઓએ માત્ર જવાબદારી પૂર્ણ નહિ કરતાં સમયને ચારેબાજુથી ચકાસ્યો અને પોતાના **જન્મદિન** (1st May) નિમિત્તે કોરોના મહામારીમાં રોગપ્રતિકારક શકિત વધારવા પોતાના મત વિસ્તારમાં **૧,૫૦,૦૦૦/– પરિવારને વિનામુલ્યે હોમિયોપેથિક દવાના ડોઝ** ARSENIC ALB-30 નું વિતરણ કર્યું.







1,50,000 परिवारको
बिना कीसी राशी के होमियापेथीक
दवाईके डोझका वितरण

> *A Good deed*
> *is never Lost*
> *- Nirav Shah*

ARSENIC ALB - 30

## ૭. રકતદાન સેવા સપ્તાહ

"રકતદાન" જે દાન કરવા વ્યકિતનું તવંગર હોવું જરૂરી નથી. એવું દાન જેના થકી ઓડકાર નથી આવતો કે તૃષા શાંત થતી નથી. પણ એક વ્યક્તિનો જીવ બચે છે. શાંત પડતી દિવા ની જ્યોત ફરી પ્રજ્જવલિત થાય છે.



એક તરફ કોરોના નામના દાનવીય રોગ એક ભરડો લેતો હતો તો બીજી તરફ કેટલાય લોકો અણધાર્યા મૃત્યુ તરફ વધી રહ્યાં હતાં. **Blood Bank** માં રક્ત ખૂટી રહ્યું હતું અને મહામારી ને કારણે કોઈપણ વ્યકિત રકતદાન કરવા જઈ શકે તેમ નહીં હતું. પરંતુ કહેવાય છે કે કપરી પરિસ્થિતિ જ વ્યકિત નું ઘડતર કરે છે.

એક જોશ, નવીનતમ વિચારધારા અને તરવરાટ સાથે કાર્યશીલ એવા પોતાની આગવી સૂઝ અને સેવાકીય કે સામાજિક કાર્ય જીવન સાથે જોડાયેલ શ્રી નિરવભાઈ શાહનો ઉદ્દેશ દરેક પરિસ્થિતિમાં જનહીતમાં કાર્ય કરવાનો જ હોય છે. તેથી મૃદુ હૃદય ના માલિક શ્રી નિરવભાઈ શાહ એ મૃદુતા અને માનવીય વલણ ને કારણે પોતાના જન્મદિવસ ની ઉજવણી " રક્તદાન સેવા સપ્તાહ" ના આયોજન સાથે કરી.



*"A Reputation is precious, but a character is priceless."*

*- Nirav Shah*

સેવાયજ્ઞમાં સત્કર્મ અને નિ:સ્વાર્થ ભાવની આહુતિની ફલશ્રુતિ રૂપ એક અંતરાત્માની શાંતિ મળે છે. અને ફરીવાર એ જ ઉમંગ સાથે જનહિતાર્થ કાર્ય કરવા પ્રેરણાબળ મળે. કોરોના મહામારી સમયમાં શહેરમાં રક્તની અછત વર્તાઈ એ સહુની જાણમાં છે. શહેરના થેલેસેમિયાના દર્દીઓ તેમજ અન્ય રોગના દર્દીઓ કે જેઓને લોહીની સતત જરૂર પડતી હોય છે તેવા લોકોની પણ ચિંતા કરીને શ્રી નિરવભાઈ શાહએ પોતાના જન્મદિવસની અનોખી ઉજવણી કરી તારીખ ૧ મે, ના રોજ-વોર્ડના તમામ મતદાર પરિવાર અને સમસ્ત સુરત શહેરના તમામ જૈન પરિવારના સહયોગ સાથે **"રક્તદાન સેવા સપ્તાહ"** દ્વારા ૭૦૦ થી વધુ રકતદાતાઓના સહકાર થી "રક્તદાન મહાદાન" ચરિતાર્થ કર્યુ.

વ્યકિત જયારે પોતે એકલાંને જ કોઇ કાર્ય માટે સમર્પિત કરે એ સામાન્ય છે. પરંતુ અન્યને પણ આવા સેવાકીય કાર્ય માટે પ્રેરણા પુરી પાડે અને માનવતાના મહાયજ્ઞ માં જોડે ત્યારે પ્રેરણાપૂંજ બની સમાજને પ્રજ્જવલિત કરે છે. શ્રી નિરવભાઈ શાહ અવિરત પોતાના જીવન અને કાર્ય થકી સમાજ માટે આદર્શ વ્યકિતત્વ અને પ્રેરણા બની રહ્યા છે.







# 'રક્તદાન સેવા સપ્તાહ' દ્વારા ૭૦૦ થી વધુ રક્તદાતાઓના સહકારથી 'રક્તદાન મહાદાન' ચરિતાર્થ કરાયું.







"'સ્વ'ને શોધવાનો શ્રેષ્ઠ માર્ગ છે પોતાની જાતને અન્યની સેવામાં ગુમાવવી."

- નિરવ શાહ




લોહીની કટોકટીના સમયે 'રક્તદાન સેવા સપ્તાહ' દ્વારા નિરવ શાહે કરી જન્મદિનની અનોખી ઉજવણી...

લોકડાઉનના સમયમાં જાણે એક યુદ્ધ માટે ઉચ્ચ પદાધિકારી જનતાને તૈયાર કરવાનું કાર્ય કરતા હતાં. એક દિવસ કે એક કલાકની રજા નહીં, અવિરત દિવસ - રાત સેવામાં કાર્યરત રહેવું અને એમાં પણ જીવન જોખમે Red Zone Area પણ જવાનું. આપણાં માટે તો જાણે કેટલું મોટું સાહસ ! કેટલા વિચાર સાથે આપણે આપણો પગ ઉંબર ની બહાર લઈ જતા અટકીએ.

સાવ નવો જ અધ્યાય અને સલામતી બાબત સાવ અજાણ જનતાને માત્ર સંદેશ  દ્વારા જ સુરક્ષિત રાખવાં પૂરતું નહીં હતું. એક હામ અને અડગ મનોબળ સાથે નીકળી ગયા શ્રી નિરવભાઈ શાહ એક અભિયાન સાથે. ડૉકટર્સ, નર્સ, સફાઇ કર્મી નહીં પરંતુ દરેક નાગરિક પોતે પણ એક કોરોના વોરિયર જ છે. એ સમજી પોતાની સુરક્ષા સાથે સરકારશ્રી અને સમાજને સહકાર આપે તો આ યુધ્ધ માં વિજય નિશ્ચિત બને.

**માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના લોકજાગૃતિ અભિયાન ‘‘હું પણ કોરોના વોરિયર’’** અંતગર્ત વડીલો અને બાળકો ઘરમાં જ રહી તેમની તકેદારી રાખવા, માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા, સોશ્યલ ડિસ્ટન્સીંગ ‘દો ગજ કી દુરી’ જાળવવા અને ડર નહિ પણ સાવચેતી રાખવાના મંત્ર અપનાવવા માટેના સ્ટીકર તથા બેનર દ્વારા કોરોના સામેના યુધ્ધમાં પ્રત્યેક ગુજરાતીને હું પણ કોરોના વોરિયર, તમે પણ બનો કોરોના વોરિયર અભિયાનમાં જોડાવા માટે જનજાગૃતિની શરૂઆત કરી.

ઉપરોકત વિસ્તારમાં આવતી દુકાનોમાં આગળ સ્ટીકર લગાડી ત્યાં આવતા તમામ ગ્રાહકોને દુકાનમાં પ્રવેશવા પહેલા હાથ સેનેટાઈઝ કરવા અને આરોગ્ય સેતું ’’ એપ્લિકેશન ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો. શહેરના નગરજનોમાં જાગૃતતા ફેલાવવાની સાથે માસ્ક અને સેનેટાઈલરનું પણ ફી  વિતરણ કર્યું.



શ્રી નિરવભાઈ શાહ પોતે એક કોરોના વોરિયર બની અન્યને રાહ ચીંધી રહ્યાં હતાં. શહેરના બીજા નાગરિક હોવા છતાં તેઓએ પોતે આ અભિયાનને સફળ બનાવવાં ઘણા પ્રયાસ કર્યા જેમા માત્ર એક સ્વાર્થ કે કોઈપણ સ્વાર્થ વિના બસ દરેક નાગરિક સ્વસ્થ અને સુરક્ષિત રહી સરકારશ્રીની માર્ગદર્શિકા નું પાલન કરે અને સ્વસ્થ સમાજ અને રાષ્ટ્ર ના નિમાણમાં યોગદાન આપે.



## ૮. ‘હું પણ કોરોના વોરિયર અભિયાન’

‘‘નિસ્વાર્થ પણે આપવું એ જીવવાની કળા છે.’’
– નિરવ શાહ





"હું પણ બન્યો કોરોના વોરીયર આપ પણ બનો કોરોના વોરીયર"







માસ્ક, સેનેટાઈઝર અને ફેસશીલ્ડનું વિનામૂલ્યે વિતરણ





## ૯. સંપ્રતિ કોવિડ આઈસોલેશન સેન્ટર

સમગ્ર વિશ્વ વર્તમાન સમયની કોવિડ-૧૯ ની મહામારી વચ્ચે ઝઝૂમી રહ્યું છે ત્યારે સમગ્ર ભારતની સંઘર્ષગાથા પણ અજોડ છે. ભારતભરમાં કોરોનાએ કહેર વર્તાવ્યો હતો ત્યારે સુરત શહેર કયાંથી બાકાત રહી શકે !

સંક્રમણની ધીમી શરૂઆત બાદ જયારે સુરત સંક્રમિત વિસ્તારો અને સંક્રમિત જન સમુદાયોમાં મોખરો હતું ત્યારે જૈન સમાજમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધતા રોજગારી વગરના આ કપરા સમયમાં મેડિકલનો ખર્ચ આર્થિક બોજ ન બને એવા શુભ હેતુથી ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઈ શાહની પ્રેરણા અને માર્ગદર્શનથી શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક યુવક મહાસંઘના પ્રમુખ શ્રી નિતિનભાઈ શાહ દ્વારા **સંપ્રતિ કોવિડ આઈસોલેશન સેન્ટર,** દિવાળી બાગ કમ્યુનિટી હોલ અડાજણ. ખાતે શરૂ કરવામાં આવ્યું.

આઈસોલેશન સેન્ટરમાં ૧૦ મહિનાના બાળકથી લઈને ૮૫ વર્ષના વડીલોએ અમને સેવા કરવાનો લાભ આપ્યો સાથે જૈન સમાજના ૨૦ થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોના આચારનું ચુસ્તપણે પાલન થાય તે રીતે અલગ વ્યવસ્થા કરી તેઓની સેવા સાથે આશીર્વાદ મેળવવાનો અનેરો અવસર ડેપ્યુટી મેયર શ્રી નિરવભાઈ શાહને પ્રાપ્ત થયો.

| મેડીકલ સુવિધાઓ | આધ્યાત્મિક વાતાવરણ | મનોરંજન | શારીરિક સ્વાસ્થ્ય |
|---|---|---|---|
| આયુર્વેદિક દવાઓ | દરરોજ પ્રભુદર્શન અને પ્રભુવંદના | પ્રોજેકટર સ્ક્રીન | ક્રિકેટ, વોલીબોલ |
| હોમીયાપેથીક દવાઓ | યોગા, પ્રાણાયામ | વાઈફાઈની સુવિધા | બલુન થેરાપી, |
| એલોપેથી દવાઓ | આરતી અને મંગલ દીવો | રક્ષાબંધન, ૧૫મી ઓગષ્ટ | યોગા ગરબા, અંતાક્ષરી |
| ઓક્સિજન બેડ, I.V.Fluid | ત્રણેય સમયે સાત્વિક | પર્યુષણ મહાપર્વ | સંગીતખુરશી જેવી |
| નેબ્યુલાઈઝર તથા તમામ મેડીકલ રીપોર્ટ | અને જૈન ભોજન | મહાવીર સ્વામી જન્મવાંચન | અનેકવિધ રમતો |
| ડૉકટર અને નર્સની ૨૪×૭ દેખરેખ | ચોવીયારની વ્યવસ્થા | નવરાત્રી જેવા તહેવારોની ઉજવણી | |

**ઉપરોક્ત તમામ સુવિધાઓ વિનામૂલ્યે સાંપ્રતિ કોવિડ આઈસોલેશન સેન્ટરમાં દર્દીઓને અપાઈ.**

**૧૦૨૫ થી વધુ દર્દીઓએ ૧૦ દિવસ સુધી સારવાર મેળવી જૈન સમાજ તથા શહેરીજનોના કુલ ૧૦ કરોડ રૂપિયા મેડીકલ ખર્ચમાં જતા બચ્યાં.**













આઈસોલેશન સેન્ટરમાં દસ મહિનાના બાળકથી લઈને ૮૫ વર્ષના વડીલોની સેવા કરાઈ.





લોકડાઉન સમય દરમિયાન સંપ્રતિ કોવિડ આઈસોલેશન સેન્ટરમાં દર્દીની સેવા થકી સામાજીક ઉત્તર દાયિત્વ નિભાવ્યું.








> "Where charity keeps pace with gain, industry is blessed"
> - Nirav Shah

## ૧૦. ૭૦,૦૦૦ વૃક્ષઓની ભેટ

વ્યકિત જયારે વિચારી લે છે કે માત્ર પદ કે રાજકીય જવાબદારી નહીં પરંતુ સામાજિક જવાબદારી સાથે માનવ હિતાર્થ કાર્ય કરીને જીવનને પ્રેરણાદાયી બનાવવું છે. ત્યારે માત્ર એક તકની રાહ હોય છે. આનો આ તક મળી સુરત શહેર ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઈ શાહ ને વિચારો વાસ્તવિકતા તરફ ગતિમાન થયાં અને સર્જાયો એક વિક્રમ માં સ્થાન મળ્યું જયારે શહેરને ૭૦૦૦૦ વૃક્ષો મળ્યાં. ભારત દેશને વિશ્વમાં મહત્વનું સ્થાન અપાવનાર અને હંમેશા જેઓના વિચાર અને જીવન જનકલ્યાણ કરવામાં વ્યસ્ત રહ્યું છે તથા શહેરથી લઈ છેવાડાના માનવીના જીવનના અસ્તિત્વને ટકાવવા અને તેમના સ્વાસ્થ્યની ચિંતા કરી જેઓ વિશ્વમાં પ્રેરક વિચારો પ્રસરાવી રહ્યા છે એવા આત્મનિર્ભર ભારતના સ્વપ્નદ્રષ્ટા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના ૭૦માં જન્મદિનની ઉજવણી એક દિવસ માટે ન કરતા એક સપ્તાહ સુધી જનકલ્યાણ અને લોકકલ્યાણનાં કર્યો સાથે કરવાના વિચારમાં સુરત શહેરની જનતાનો સાથ લઈ શ્રી નિરવભાઈ શાહે કોવિડ મહામારીમાં જયારે ઓકસીજનની ખુબ જરૂર હતી ત્યારે ઓકસીજનના સ્ત્રોત સમાન **૭૦ હજાર વૃક્ષો** રોપીને, તેમને ઉછેરવાના સંકલ્પ સાથે એક શુભ કાર્યક્રમની શરૂઆત કરી.

ગુજરાતની આર્થિક રાજધાની એવા હીરા અને ટેક્સટાઈલથી ધમધમતા સુરતમાં જયારે વર્તમાન વૈશ્વિક મહામારીએ પોતાનો કહેર ચારે તરફ ફેલાવ્યો હતો ત્યારે પ્રદુષણ ઘટાડી ઓકિસજનના ઉત્પાદનમાં વધારો થાય એ ખુબ જ જરૂરી હતું તેવા જ સમયે માનનીય વડાપ્રધાનશ્રીના જન્મદિવસની ઉજવણીને નિમિત્ત બનાવી **''પહેલું સુખ તે જાતે નર્યા''** કહેવતને ખરા અર્થમાં સાર્થક કરી પાંચ વર્ષના બાળકથી લઈ સો વર્ષના વડીલો સુધીના તમામ સુરતીજનાએ ભેગા મળી શહેરના ખુલ્લા પ્લોટ, કેનાલ રોડ, ડિવાઈડર, શેરી, રસ્તાઓ, કેમ્પસો, એપાર્ટમેન્ટ, ઉદ્યોગ પરિસરો અને મહોલ્લામાં મોટા પાયે વૃક્ષો રોપી તેમના ઉછેર અને સંવર્ધન કરવાના શપથ લીધાં. સ્વીકાર કરવો પડે કે જયારે કોઈ વ્યકિત માત્ર વર્તમાન સમય માં જ જનહિતાર્થ કાર્ય કરે છે. એવું નથી પરંતુ આવનાર પેઢીના સુરક્ષિત ભવિષ્યની પણ કાળજી રાખી હમણાં થી જ એક ચોકકસ નિર્ધાર સાથે કાર્ય કરે ત્યારે વ્યકિત મટી વ્યકિત વિશેષ બની જવાય. શ્રી નિરવભાઈ શાહ સાથે થયેલ ચર્ચા માં અમે જાણ્યું કે હંમેશા દીર્ઘદ્રષ્ટિ કાર્ય કરવું પડે હાલના સમયમાં જયારે જંગલો કપાઈ રહ્યાં છે ત્યારે એક નાનો પ્રયાસ કર્યો કે વૃક્ષારોપણ દ્વારા માત્ર જનજાગૃતિ નહીં પણ ભવિષ્ય માટે પણ એક આધાર બનાવી શકાય. કારણ ખૂબ સ્પષ્ટ છે માનવ જાતિ માટે વૃક્ષો સ્વસ્થ અને સુરક્ષિત જીવનનો એક માત્ર આધાર છે.









> દુનિયાને જોઈએ તે બધા સારા કામ હું નથી કરી શકતો.
> પરંતુ દુનિયાને તે બધા સારા કામની જરૂર છે જે હું કરી શકું છું.
> - નિરવ શાહ









“ ”

દર બે પાઈન વૃક્ષો વચ્ચે એક દરવાજો છે જે જીવનની નવી રીત તરફ દોરી જાય છે.

- નિરવ શાહ





## ૭૦,૦૦૦ વૃક્ષો રોપી નોંધ્યો ગુજરાત બુક ઓફ રેકોર્ડ





## II. "A TRIBUTE TO UNSEEN CORONA WARRIORS"






## ગુજરાતના સૌ પ્રથમ હસ્તલિખિત મહાગ્રંથ

"A TRIBUTE TO
UNSEEN
CORONA WARRIORS"



## શહેરીજનો દ્વારા અભિવાદન...












લોકડાઉન
દરમિયાન થયેલ
કાર્યોની મિડીયાકર્મી
દ્વારા કાર્યોની
નોંધ...